# શહેરની હદ વધારવાનો પ્રસ્તાવ સ્થાયી સમિતિમાં પસાર

**ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિમાં શહેરનો હદ વિસ્તાર વધારવાનો પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કરાયો : પેથાપુર નગરપાલિકા, ૧૭ ગામ તેમજ સાત ગામના સર્વે નંબરોવાળા વિસ્તારને ભેળવવાની દરખાસ્ત કાર્તિક પટેલે ૪ ભાગમાં રજુ કરી : રાજકીય સન્નાટો છવાયો**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ મહત્વની બેઠકમાં શહેરની હદ વધારવા માટેનો મહત્વનો પ્રસ્તાવ પસાર કરી અને આગામી સામાન્ય ચૂંટણી જીતવા માટેનો રાજકીય દાવ ખેલવામાં આવ્યો છે.

દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં ૪ ભાગમાં હદ વિસ્તાર વધારવા માટેનો પ્રસ્તાવ સિનીયર કાઉન્સીલર કાર્તિક પટેલે રજુ કર્યો હતો અને જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. માત્ર ગણતરીની જ મિનિટોમાં પ્રસ્તાવ પસાર થઈ ગયો હતો. હવે આ પ્રસ્તાવ સામાન્ય સભામાં મંજૂરી માટે રજુ થશે અને ત્યાર પછી સરકારમાં તે મોકલવામાં આવશે.

સરકાર પક્ષે પણ આ અંગે વિકાસ કમિશ્નરશ્રી મારફતે ગ્રામ-તાલુકા અને જિલ્લાકક્ષાએથી અભિપ્રાયો મેળવ્યા બાદ મંજૂરીની મહોર મારવામાં આવશે.

આજે હદ વિસ્તાર વધારવાનો રજુ થયેલો પ્રસ્તાવ જે ચાર ભાગમાં રજુ થયો હતો તેમાં પ્રથમ પેથાપુર નગરપાલિકાનો સમગ્ર વિસ્તાર ભેળવવાની વાત રજુ કરાઈ હતી. આ પછી બીજા ભાગમાં કુડાસણ, રાયસણ, રાંદેસણ, સરગાસણ, કોબા, વાસણા હડમતિયા, વાવોલ, કોલવડા, પોર અને અંબાપુર ગ્રામ પંચાયતનો સમગ્ર વિસ્તાર ભેળવવાની વાત રજુ કરાઈ હતી.

ત્રીજા ભાગમાં અમીયાપુર, ભાટ, સુઘડ, ઝુંડાલ, ખોરજ, કોટેશ્વર, નભોઈની ગ્રામ પંચાયતનો સમગ્ર વિસ્તાર ભેળવવાની વાત રજુ કરાઈ છે. જ્યારે ચોથા ભાગમાં તારાપુર, ઉવારસદ, ધોળાકુવા, ઈન્દ્રોડા, લવારપુર, શાહપુર અને બાસણના સર્વે નંબરો ધરાવતા વિસ્તારને ભેળવવાની વાત રજુ કરાઈ હતી. આમ એક નગરપાલિકા, ૧૭ ગામ તેમજ સાત ગામના કેટલાક સર્વે નંબરોનો વિસ્તાર ભેળવી નગરને મેટ્રો સીટીની હરોળમાં મુકવાનો પ્રયાસ આ પ્રસ્તાવ દ્વારા કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ આજે અગાઉ અમદાવાદ મનપાની સ્થાયી સમિતિએ તેની હદમાં સમાવવા માટે જે ગામોનો પ્રસ્તાવ રજુ કર્યો હતો તેમાંથી ભાટ, સુઘડ, ઝુંડાલ, ખોરજ, કોટેશ્વર અને નભોઈનો સમાવેશ ગાંધીનગરની હદમાં કરવાની વાત રજુ કરી રાજકીય વિશ્લેષકોને ચોંકીવી દીધા છે. હવે અમદાવાદ શહેરની હદમાં કેટલો વધારો થશે તે અંગે સરકારનું હાલ મૌન છે પણ એકાદ સપ્તાહમાં તે સ્પષ્ટ થઈ જશે તેમ મનાઈ રહ્યુ છે.સ્થાયી સમિતિની આજની બેઠકમાં એક નગરપાલિકાનો સમગ્ર વિસ્તારને સમાવવાની વાતને લઈ રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા જાગી છે કે ગાંધીનગરને મેટ્રો સીટી બનાવવાની હિલચાલનો આ મોટો દાવ છે.

## સાત ગામના સર્વે નંબરોનો ગાંધીનગરમાં સમાવેશ

| ગ્રામ પંચાયત | વિસ્તારની વિગત |
|---|---|
| તારાપુર | ગુડાની નગર રચના યોજના નં. ૦૯માં સમાવેશ થતા રેવન્યુ સર્વે, બ્લોક નં. ૨૬૬/સી પૈકી, ૨૬૭/પૈકી, ૨૬૮/પૈકી, ૨૬૯, ૨૭૦/એ, ૨૭૦/બી, ૨૭૧/એ/પૈકી, ૨૭૨/પૈકી, ૨૭૩/પૈકી, ૨૭૪/પૈકી, ૨૮૫/પૈકી |
| ઉવારસ | ગુડાની નગર રચના યોજના નં. ૦૯માં સમાવેશ થતા રેવન્યુ સર્વે બ્લોક નં. ૬૨૮/પૈકી, ૬૨૯/૩/બ, ૬૩૦, ૬૩૧, ૬૩૨, ૬૩૩/૧, ૬૩૩/૨, ૬૩૩/૩, ૬૩૪/૧, ૬૩૪/૨, ૬૩૪/૩, ૬૩૫, ૬૩૬, ૬૩૭, ૬૩૮, ૬૩૯/૧/૧, ૬૩૯/૧/૨/એ, ૬૩૯/૨/બી, ૬૪૧/૧/૧, ૬૪૦/૧, ૬૪૦/૨, ૬૪૦/૨, ૬૪૯/પૈકી, ૬૪૦/૪, ૬૪૧/૨/બ, ૬૪૧/૧/૨, ૬૪૧/અ, ૬૪૨, ૬૪૩, ૬૪૪, ૬૪૫, ૬૪૬, ૬૪૭, ૬૫૯/૨, ૬૪૮, ૬૫૦, ૬૫૧/૧, ૬૫૧/૨, ૬૫૨, ૬૫૩, ૬૫૪/૧, ૬૫૪/૨, ૬૫૫/૧, ૬૫૫/૨, ૬૫૬/૧, ૬૫૬/૨, ૬૫૭/૨, ૬૫૮/૧/પૈકી, ૬૫૮/૨, ૬૫૮/૩, ૬૫૯/૧/પૈકી, ૬૬૦/પૈકી, ૬૬૨/૨/સી પૈકી, ૬૬૩/૧, ૬૬૩/૨/પૈકી, ૬૬૪, ૬૬૫, ૬૬૬, ૬૬૭/૧/પૈકી, ૬૬૭/પૈકી, ૬૬૭/૨, ૬૬૮/પૈકી, ૬૬૯/પૈકી, ૬૭૦/૩/પૈકી, ૬૭૦/૪/પૈકી, ૬૭૦/૫/પૈકી, ૬૭૦/૬ |
| ધોળાકુવા | ગુડાની નગરરચના યોજના નં. ૦૪માં સમાવેશ થતા રેવન્યુ સર્વે બ્લોક નં. ૨૩/પૈકી, ૨૪/પૈકી, ૨૬/૨, ૩૦/પૈકી, ૩૧/પૈકી, ૩૪/પૈકી, ૩૬/પૈકી, ૩૭/પૈકી, ૩૮, ૫૪/પૈકી ગુડાની નગર રચના યોજના નં. ૦૫માં સમાવેશ થતા રેવન્યુ સર્વે બ્લોક નં. ૨૨, ૨૩/પૈકી, ૨૪/પૈકી, ગુડાની નંબર રચના યોજના નં. ૦૬માં સમાવેશ થતા રેવન્યુ સર્વે બ્લોક નં. ૫૪, ૫૫, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨ |
| ઈન્દ્રોડા | ગુડાની નગર રચના યોજના નં. ૦૫માં સમાવેશ થતા રેવન્યુ સર્વે બ્લોક નં. ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૫૨૧/અ |
| લવારપુર | ગુડાની સુચિત નગર રચના યોજના નં. ૨૫માં સમાવેશ થતા રેવન્યુ સર્વે બ્લોક નં. ૪૪૯/પૈકી, ૪૫૦/પૈકી, ૪૫૧/પૈકી, ૪૫૨/પૈકી |
| શાહપુર | ગુડાની સુચિત નગર રચના યોજના નં. ૨૫માં સમાવેશ થતા રેવન્યુ સર્વે બ્લોક નં. ૮૧ થી ૧૦૭, ૧૦૮/પૈકી, ૧૦૯/પૈકી, ૧૧૧/પૈકી, ૧૧૨/પૈકી, ૧૧૩/પૈકી, ૧૧૪/પૈકી, ૧૧૫ થી ૧૩૭, ૧૩૮/પૈકી, ૧૩૯, ૧૪૦/પૈકી, ૧૫૨/પૈકી, ૧૫૩/પૈકી, ૧૫૪/પૈકી, ૧૫૫ થી ૧૮૫, ૧૮૬/પૈકી, ૨૦૩/પૈકી, ૨૨૩/પૈકી, ૨૨૪/પૈકી, ૨૨૬/પૈકી, ૨૨૯/પૈકી, ૨૩૦/પૈકી, ૨૩૧/પૈકી, ૨૩૨/પૈકી |
| બાસણ | ગુડામાં સમાવેશ થતા બાસણ ગ્રામ પંચાયતના તમામ રેવન્યુ સર્વે/બ્લોક નંબર |

## રસ્તા મરામત માટે ૧૦ કરોડની ફાળવણી મુલ્તવી રાખતી સ્થાયી સમિતિ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકે માર્ગ-મકાન વિભાગને આંતરિક માર્ગોના રિ-સરફેસીંગ કામ માટે રૂ. ૧૦ કરોડની ફાળવણી કરવાની દરખાસ્તને મુલ્તવી રાખી છે.

**બે સભ્યો આજની બેઠકમાં ગેરહાજર રહ્યા**

દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળેલી આજની બેઠકમાં અગાઉ મનપાએ પાટનગર યોજનાને રિસરફેસીંગ માટે ફાળવેલા નાણાંમાંથી કેટલા કામો કયા વિસ્તારમાં થયા તે સાથે વિગતવાર અહેવાલ માંગ્યો છે. એટલુ જ નહિ પાટનગર યોજના વિભાગને મળેલ ગ્રાન્ટમાંથી કેટલા કામ કરાયા તે પણ વિગતો રજુ કરવા જણાવી આજની દરખાસ્ત આગામી બેઠક સુધી મુલ્તવી રાખવાનો નિર્ણય કર્યો છે.

આજની બેઠકમાં આરોગ્ય વિભાગમાં લેબ. ટેકનીશ્યનોની બઢતી માટે શૈક્ષણિક લાયકાતનું ધોરણ ઉમેરવા સહિતના આર.આર.ને મંજૂરી આપવામાં આપવામાં આવી છે.

આજની સ્થાયી સમિતિમાં પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલના પત્ની સ્વ. સુશીલાબેન પટેલને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

આજની બેઠકમાં બે સભ્યો ગેરહાજર રહ્યા હતા. ૧૦ સભ્યોએ આજના નિર્ણયો સર્વાનુમતે બહાલ રાખ્યા હતા.

## રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ અનેક પાસાએ પ્રશ્નાર્થ ઉભા કર્યા છે

ગાંધીનગર શહેરમાં ૧૭ ગામ અને એક નગરપાલિકા તેમજ સાત ગામના સર્વે નંબરના વિસ્તારો ભેળવવાના પ્રસ્તાવને લઈ આજે રાજકીય વર્તુળોમાં અનેકવિધ પ્રશ્નાર્થો સામે આવ્યા છે તેમજ મનપાના આર્થિક ભાવિને પણ હચમચાવવા માટેનો પ્રયાસ હોવાની વાતો ચર્ચાઈ રહી છે. આમાં મૂળ ગાંધીનગરનો વિકાસ ભુલી જવાશે.

ગાંધીનગર શહેરની રચના બાબતે મહારાષ્ટ્ર સરકારે ૩૦ સેક્ટોરના નિર્માણ માટે ફંડ આપ્યુ હતુ પરંતુ તેનાથી પૂરેપૂરા સેક્ટરો પણ વિકસાવવામાં સરકાર નિષ્ફળ રહી હતી અને ૧૫ જેટલા સેક્ટરો પી.પી.પી. મોડેલ આધારિત ડેવલપ કરવા પડ્યા હતા.

હાલ ગાંધીનગર શહેર મનપાની આર્થિક સ્થિતિ જે છે તે આ ગામોના ડેવલપમેન્ટને કારણે ખોરવાશે એટલુ જ નહિ ગ્રામ્ય વિસ્તાર પર ટેક્સનો બોજો વધશે.

ગાંધીનગર મનપા પાસે હાલ શહેરના પ્રશ્નોના ઉકેલ માટે જ સ્ટાફની અછત છે તો આગામી દિવસોમાં શું થશે ? ગાંધીનગર મનપા પાસે માત્ર સફાઈની જ સેવા છે તો સ્માર્ટ સીટીનું સ્વપ્ન પણ આ વિસ્તારો ભેળવવાથી ખોરવાશે.

ગ્રામીણ વિસ્તારોને સમૃદ્ધ બનાવવાની ભાજપની દંભી નીતિનો પર્દાફાશ થશે. એક તરફ ગોકુળગ્રામ, વૃંદાવનગ્રામ, સમરસ ગ્રામની વાતો કરી હતી અને શહેરીકરણને રોકવાની વાત હતી પરંતુ આ તો શહેરીકરણ વધારવાની વાત હજુ ગ્રામીણ પ્રજાને ગળે ઉતરી નથી અને આટલા બેઠકોનો દોર આજથી શરૂ થઈ ચુક્યો છે.

ભાજપ શહેરમાં મજબુત થશે કે નહિ તે બીજી વાત છે પણ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સહિતના ચૂંટણી જંગમાં ભારે રાજકીય નુકશાનનો વારો પણ આવી શકે છે તેવી ચર્ચાઓ લોકમુખે ઉભરી છે.

## તાલુકાનો ભૌગોલિક વિસ્તાર ઘટશે

ગાંધીનગર મહાનગરપાલિકામાં ૧૭ ગામો તેમજ ૭ ગામોના સર્વે નંબરોના વિસ્તાર સમાવવાના પ્રસ્તાવને કારણે ગાંધીનગર તાલુકાનો ભૌગોલિક વિસ્તાર ઘટશે. આ ઉપરાંત તાલુકાને આર્થિક રીતે પણ ભારે નુકશાન થશે.

- **અમદાવાદમાં ન ભળવા માગતા ગામોને ગાંધીનગરની હદમાં સમાવાયા**

ગાંધીનગર તાલુકાને સાત ગામો જે અમદાવાદ સાથે ભળવાનો ઈન્કાર કરી રહ્યા હતા તેમને ગાંધીનગર મનપા સાથે જોડવામાં આવશે. આમ થવાથી ગાંધીનગર શહેરની હદ અને વસ્તીમાં ભારેખમ વધારો થશે. એક અંદાજ મુજબ ગાંધીનગર મનપાની હદમાં ૧૭ જેટલા ગામો ભેળવવાને કારણે મનપાની વસ્તીમાં ત્રણ લાખથી વધુ વસ્તીનું ભારણ વધશે. તેમજ સીમાંકન એ પણ રાજકીય દાવપેચનો મુદ્દો બનશે.

- **ગાંધીનગર શહેરનું નવેસરથી સીમાંકન કરવાનુ થશે**

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી જે ૨૦૨૧માં યોજાવાની છે હદ વધારવાને પગલે તેના સીમાંકન ધરખમ ફેરફાર થશે. એટલુ જ નહિ નવા સીમાંકનમાં ભાજપને ફાયદો થશે કે નુકશાન તે તો સમય જ નક્કી કરશે.

- **રાજકીય નુકશાન વિચારો નહિ ટ્વીન સીટીનો પ્રોજેક્ટ પી.એમ.નું સ્વપ્ન**

ગાંધીનગર શહેરની હદ વધારવાનો પ્રસ્તાવ આજે સ્થાયી સમિતિની બેઠકમાં રજુ થયો તે પૂર્વે અપેક્ષિત ભાજપી નેતાઓ સાથેની બેઠકમાં પક્ષને ભારે રાજકીય નુકશાનનો ભય મુખ્યમંત્રી સમક્ષ વ્યક્ત થયો ત્યારે મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે રાજકીય નુકશાન એ હાલના તબક્કે વિચારશો નહિ. વિકાસ માટેનુ લક્ષ્ય રાખો અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ ગાંધીનગર-અમદાવાદને ટ્વીન સીટી તરીકે ડેવલપ કરવા વધુ ઉત્સુક છે. ટ્વીન સીટી પ્રોજેક્ટ અંતર્ગત જે નાણાં ઉપલબ્ધ કેન્દ્રમાંથી થશે તેનાથી વિકાસની ગતિ વેગીલી બનશે અને નવી રોજગારની તકો પણ વધશે.

- **સાતથી વધુ તાલુકા પંચાયતોની બેઠકો અને જિલ્લા પંચાયતની ૩ બેઠકો ઘટશે**

આજે પસાર કરાયેલા આ પ્રસ્તાવને કારણે ગાંધીનગર તાલુકા પંચાયતની સાત જેટલી બેઠકો ઘટશે એટલુ જ નહિ જિલ્લા પંચાયતની પણ ૩ બેઠકો ઘટશે. કલોલ અને માણસા તાલુકાની હદમાં ફેરફાર બાદ હવે ગાંધીનગર તાલુકાનો ભૌગોલિક વિસ્તાર ઘટતાં આગામી દિવસોમાં રાજકીય વિવાદો વધશે.

- **રાજ્યનું પ્રથમ ગોકુળિયુ ગામ પણ શહેરી વિસ્તારમાં ભળશે**

રાજ્યનું પ્રથમ ગોકળિયુ ગામ બનેલ ગાંધીનગર તાલુકાનું રાયસણ ગામ હવે ગાંધીનગર શહેરનો હિસ્સો બનશે. ૧૯૯૫માં કેશુભાઈની સરકારે પહેલીવાર સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારે ગામડાને સમૃદ્ધ બનાવવા ગોકુળિયા ગામની યોજના અમલમાં મુકી હતી. આજે રૂપાણી સરકારમાં ગાંધીનગરની હદમાં વધારો કરવા માટે ભાજપની સરકારનું અને રાજ્યનું પ્રથમ ગોકુળિયુ ગામ શહેરનો હિસ્સો બનશે.

# પાટનગર યોજના ભવનના ૧૫ ટોઈલેટ બ્લોકનુ રીનોવેશન કરાશે

**દાયકાઓ જુના ભવનના બિલ્ડીંગમાં જરૂરી ઠેકાણે થિગડા પણ મારવામાં આવશે : સફાઇ વ્યવસ્થાના અભાવે ગંદકીથી ખદબદતા ભવનમાં મુલાકાતીઓ આવવાનુ ટાળે છે**

ગાંધીનગર તા ૨૮

પાટનગર યોજના ભવનમાં સફાઇ વ્યવસ્થાના નામે મીંડુ છે. પાનની પિચકારીથી ચિતરાયેલા ભવનની દિવાલો સાથે ટોઈલેટ બ્લોક પણ ગંદકીનુ ઉદભવ સ્થાન બન્યા છે ત્યારે ભવનના ૧૫ જેટલા ટોઈલેટ બ્લોકના રીનોવેશન ઉપરાંત જરૂરી પ્લાસ્ટર અને કલર કામ કરવા માટે ટુંકમાં કામગીરી હાથ ધરવા નિર્ણય લેવાયો છે.

પાટનગર યોજના ભવનનુ દાયકાઓ જુનુ બિલ્ડીંગ હાલ ગંદકીથી ખદબદી રહ્યુ છે. પાટનગર યોજના ભવનમાં બેસતા અધિકારીઓએ શહેરમાં અનેકવિધ નવા પ્રોજેકટોને અંજામ આપ્યો છે. જયારે શહેરમાં નવા બિલ્ડીંગોનુ પણ નિર્માણ કર્યુ છે. પરંતુ સે-૧૬ માં સ્થિત આ બિલ્ડીંગની હાલત અત્યંત કંગાળ જોવા મળી રહી છે. ગંદકીથી ઘેરાયેલા ભવનના ટોઈલેટ બ્લોકમાં પણ કોઈ વ્યવસ્થા નથી જેના લીધે અસહ્ય દુર્ગંધ વચ્ચે ખદબદતી ગંદકી પણ

● અનુસંધાન પાન-૭ પર

# ઘ-૫ ના ઓપન એર થિયેટરમાં એક દાયકામાં માત્ર ૫૦ જ કાર્યક્રમ થયા

**વર્ષ ૨૦૦૯ માં નિર્માણ કરાયેલુ થિયેટર એક ડેડ પ્રોજેક્ટ : હવે થિયેટર કોર્પોરેશનને સોંપી દેવાશે : થિયેટર લોકઉપયોગી બને તે માટે નવતર આયોજન થાય તેવી આશ**





ગાંધીનગર તા ૨૮

ઘ-૫ સ્થિત ઓપન એર થિયેટર છેલ્લા એક દાયકાથી તદન બિન ઉપયોગી હાલતમાં છે. ઓપન એર થિયેટરના નિર્માણ પાછળ રૂ ૫૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે ઘ-૫ નજીક સ્થિત મેદાનમાં પ્રાઈમ લોકેશન પર આ થિયેટરનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. આમછતા હજુ સુધી ઓપન એર થિયેટર લોક ઉપયોગી બની શક્યુ નથી. એક યા બીજા કારણોસર ઓપન એર થિયેટરનો વૈકલ્પિક ઉપયોગ પણ થતો નથી. છેલ્લા એક દાયકામાં ઓપન એર થિયેટરમાં અંદાજિત ૫૦ કાર્યક્રમો થયા છે. અલબત્ત ઓપન એર થિયેટરની ભાડાની આવકના નામે પણ મીંડુ છે. જયારે થિયેટરની જાળવણી પણ ખાડે ગઈ છે. જયારે હવે ઓપન એર થિયેટરનો હવાલો કોર્પોરેશનને સોંપી દેવાશે.

શહેરના હાર્દ સમા ઘ-૫ વિસ્તારમાં ઓપન એર થિયેટરનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. વર્ષ ૨૦૦૭ માં ઓપન એર થિયેટરનુ કામ શરૂ કરાયુ હતુ જયારે વર્ષ ૨૦૦૯ માં ઓપન એર થિયેટર તૈયાર કરી દેવાયુ હતુ. ઘ-૫ સ્થિત જુના ખાણી પીણી બજારના મેદાનમાં ૧૧૫૫૦ ચો મી જગ્યામાં તૈયાર કરાયેલા ઓપન એર

● અનુસંધાન પાન-૭ પર

# આઈ ટી આઈમાં લર્નિંગ લાયસન્સના ટેસ્ટની કામગીરી મંદ : અરજદારોને મુશ્કેલી

**ચારેય આર ટી ઓમાં પ્રતિદિન માત્ર ૮૦ જેટલા જ ટેસ્ટ લેવાય છે : આર ટી ઓ માં રોજ ૧૫૦ અરજદારોને લાભ મળતો હતો**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં લર્નિગ લાયસન્સની કામગીરી બંધ કરી દેવાયા બાદ હવે આઇ ટી આઇ કક્ષાએ આ પ્રક્રીયા હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લાના ચારેય તાલુકાની ચાર આઇ ટી આઇ કચેરીમાં પ્રતિદિન લર્નિંગ લાયસન્સની કામગીરી માટે ૮૦ જેટલા ટેસ્ટ લેવામાં આવે છે જયારે આ કામગીરી આર ટી ઓ કચેરીની સાપેક્ષમાં ૫૦ ટકા જ થાય છે. અલબત્ત આઇ ટી આઇ કચેરીમાં લાયસન્સ સંબંધિત કામગીરી મંદ ગતિએ ચાલી રહી છે. જેના લીધે અરજદારોએ પણ મુશ્કેલી વેઠવી પડે છે. આરટીઓએ લર્નિગ લાયસન્સની કામગીરી આઇ ટી આઇને સોંપી દીધા બાદ લાયસન્સ ઈસ્યુ કરવાની પ્રક્રીયા મંદ પડી ગઇ હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે અગાઉ આર ટી ઓ કક્ષાએથી રોજ ૧૫૦ અરજદારોના લર્નિંગ લાયસન્સ માટે ટેસ્ટ લેવાતા હતા જયારે હાલ ચારેય આઇ ટી આઇ અને પોલીટેકનીક કચેરી કક્ષાએથી રોજ માંડ લર્નિંગ લાયસન્સ ઈસ્યુ કરવા માટે માત્ર ૮૦ જેટલા જ ટેસ્ટ લેવાય છે. આમ લર્નિંગ લાયસન્સની કામગીરી આર ટી ઓમાં બંધ કરી આઇ ટી આઇ કક્ષાએ સોંપવામાં આવ્યા બાદ અરજદારો માટે નવી મુશ્કેલી ઉભી થઇ છે. બપોરના ૨ કલાક લર્નિંગ લાયસન્સ માટેની કામગીરી હાથ ધરવામાં આવે છે. પરંતુ જરૂરિયાત મુજબ કામગીરીમાં ઝડપ આવતી નથી જેના લીધે અરજદારોએ ધક્કા ખાવાનો વારો આવે છે. આવા સંજોગોમાં લર્નિંગ લાયસન્સ માટે કોમ્પ્યુટર ટેસ્ટની કામગીરી પણ મંદ પડી ગઇ છે.

## પ્રથમ વાર્ષિક પુણ્યથિતિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ઈન્દુબેન હિંમતલાલ ચૌહાણ**
સ્વ. તા. ૨૯/૧/૨૦૧૯

સ્વજન ગુમાવ્યાની વ્યથા શબ્દમાં સમાતી નથી,
હરહંમેશ હેતની લાગણી સહેજે વિસરાતી નથી,
આપના સ્નેહની સુગંધ સર્વત્ર પ્રસરતી રહેશે.
વસ્યા છો દૂર છતાં કૃપા આપની વરસતી રહેશે.
આપના દિવ્ય આત્માને કોટિ કોટિ વંદન...

લી.
હિંમતલાલ પી. ચૌહાણ
(નિવૃત્ત આસી. મેનેજર, ગુજરાત રાજ્ય ના.પુ. નિગમ)
કવિતાબેન - નિલેષ (યુએન. સ્પોર્ટ્સ - અમદાવાદ)
નીતાબેન - કમલેશ (Zx ક્રિએશન - કુડાસણ)
પાયલબેન - અલ્પેશ (ચામુંડા ઝેરોક્ષ - સે.૭, ગાંધીનગર)
એકાંક્ષી, મુમુક્ષા, ઉત્કર્ષ, ક્રિશ્ના, વૈશ્નવી, વીર
૧૦૧, શ્રીરંગનગર, રાંદેસણ, ગીફ્ટસીટી રોડ, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com